જગતમાં બધું પસંદ કરી શકાય છે, માતા પસંદ કરી શકાતી નથી, માતા સ્વધર્મ જેવી છે
- વિનોબા ભાવે

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯૧ | ૧૧ જૂન, ૨૦૧૩, મંગળવાર; જયેષ્ઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં બદલાતા હવામાનના પગલે તંત્ર સતર્ક

## પ્રિ-મોન્સુન એક્ટીવીટીની હિલચાલો વધતાં પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવા કલેક્ટરની તાકિદ

ગાંધીનગર, તા. ૧૦

પ્રિ-મોન્સુન એક્ટીવીટીની હિલચાલો વધતાં હવામાનમાં આવી રહેલા સતત બદલાવને લઈ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જિલ્લા કલેક્ટર શ્રી બી.જે. ભટ્ટે તંત્રના અધિકારીઓને તાકીદ કરી છે.

જૂન મહિનામાં સામાન્યતઃ ફુંકાતા પવનોને લઈ સાયક્લોન જેવી સ્થિતિ જોવા મળતી હોય છે ત્યારે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવે અને કોઈ મોટી હોનારત ના થાય તે જોવા કલેક્ટર શ્રી ભટ્ટે અધિકારીઓને ખાસ જણાવ્યું છે.

આજે તેમણે અવિધિસરની વાતચીતમાં જણાવ્યું હતું કે તંત્રને એલર્ટ મોડ પર મુકી દેવામાં આવ્યું છે. થોડા દિવસ પૂર્વે અર્થાત ગત સપ્તાહે પ્રિ-મોન્સુન એક્ટીવીટીને પગલે થયેલા વરસાદ અને પવનની ગતિને લઈ થયેલા નુકસાનની ઘટનાને તંત્રએ ગંભીરતાથી લીધી છે અને તેથી જ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવાયુ છે.

ગાંધીનગરમાં વાવાઝોડાનો કોઈ ભય ન હોવાનું પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. રાજ્યમાં ચોમાસુ સક્રિય થવાની ઘડીઓ નજીક આવી રહી છે એટલે પવનનું જોર પણ વધ્યુ છે. જિલ્લામાં હાલ થઈ રહેલો વરસાદ એ પણ પ્રિ-મોન્સુન એક્ટીવીટીનો જ ભાગ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે ખાસ કરીને નદી કિનારાના ગામો તેમજ શહેરી વિસ્તારમાં પણ તંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. જિલ્લામાં ડીઝાસ્ટર પ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે એટલુ જ નહિ જિલ્લાના તમામ વિભાગોને પણ ચોમાસા સંલગ્નની જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે.

વરસાદી પાણીના નિકાલ માટે કાંસની સફાઈ, શહેરી વિસ્તારોમાં ગટરલાઈન અને સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમની સફાઈની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

# ગાંધીનગરમાં વરસાદી ઝાપટું

## વહેલી સવારથી ઘેરાયેલા વાદળો થોડુંક વરસ્યા : વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના આકાશમાં આજ વહેલી સવારથી જ ઘેરા કાળા વાદળો ઘેરાયા હતા અને બપોરે બાર વાગ્યાની આસપાસ શહેરમાં જોરદાર ઝાપટું પડયું હતું. પરંતુ થોડીક જ વારમાં વરસાદ બંધ થઈ જતા પુનઃ ખુબ બફારો અનુભવાયો હતો.

ચોમાસાનો વિધિસર પ્રારંભ થાય તે પહેલાં શહેરમાં વરસાદી માહોલ બંધાઈ રહ્યો છે. આકાશમાં અવારનવાર વાદળો ઘેરાઇ આવે છે. વાદળો અને સુરજદાદા વચ્ચેની સંતાકુકડી જોવા મળી રહી છે. રાત્રે પણ ભેજનું પ્રમાણ વધુ રહેતા વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. ગઈ રાત્રે પણ વસાહતીઓ પરસેવાથી રેબઝેબ થયા હતા અને બફારાથી રાહત મેળવવા માટે ઘરની બહાર નીકળ્યા હતા. ઘરમાં બફારો લાગતો હતો પરંતુ ખુલ્લી જગ્યામાં ઠંડા પવનનો અનુભવ

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

# ચરાડાની પેટા ચૂંટણી મનાઈ હુકમને પગલે મુલતવી

## તાલુકા પંચાયતમાં એક સભ્યની પાતળી સરસાઈથી ભાજપ સત્તાના સૂત્રો સંભાળે છે : સોમવારે પ્રસિદ્ધ થનાર જાહેરનામું અટકાવાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાની માણસા તાલુકા પંચાયતની બે બેઠકોની પેટા ચૂંટણી પૈકી ચરાડા-૧ બેઠકની પેટા ચૂંટણીનું જાહેરનામુંપ્રસિધ્ધ કરવા માટે ચૂંટણી પંચે રોક લગાવતાં રાજકીય ચર્ચાઓએ જોર પકડયું છે.

ચરાડા-૧ની બેઠક પર ચૂંટાઈ આવેલા મહિલા સદસ્યાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તેમના એક હુકમમાં ત્રીજા સંતાનને લઈ ગેરલાયક ઠેરવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીના આ હુકમ સામે સદસ્યાએ દાદ માંગતા અધિક વિકાસ કમિશનરશ્રીએ મનાઈ હુકમ આપતાં હવે આ ખાલી થયેલી બેઠકની ચૂંટણી મુલ્તવી રાખવામાં આવી છે.

માણસા તાલુકા પંચાયતમાં બે બેઠકો ખાલી પડી હતી. જેમાં આજોલની બેઠક કોંગ્રેસના સભ્યના થયેલ અવસાનથી ખાલી પડી હતી. જયારે ચરાડાની બેઠક પર ત્રીજું સંતાન સભ્યપદ મેળવ્યા બાદ થતાં તેમને આ પદ માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા.

તાલુકા પંચાયતમાં ભાજપ એ સભ્યની પાતળી સરસાઈથી કબ્જો ધરાવે છે. આજે પેટા ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ થવાનું હતું. ચૂંટણી પંચે આ અંગે જાહેરાત પણ કરી દીધી હતી.

ભાજપના મહિલા સદસ્યા એ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હુકમ સામે મનાઈ હુકમ લાવતાં આખરે પંચે આજે જાહેરનામાની પ્રસિધ્ધિ પર રોક લગાવી દીધી હતી.

આજે આ જાહેરનામું પ્રસિધ્ધ ના થતાં આખો દિવસ આ મુદ્દો પંચાયતના વર્તુળોમાં સતત ચર્ચામાં રહ્યો હતો. માણસા તાલુકામાં આ મુદ્દે રાજનીતિ ગરમાઈ જવા પામી છે.







(તસવીર : દિપક જાની)

દેવી શારદ સરસ્વતીના પૂજનીયે જઈએ.... આ પ્રસિદ્ધ પ્રાર્થનાના શબ્દો આજે વહેલી સવારથી જ પાટનગરમાં ગુંજતા થઈ ગયા હતા. બે મહિનાના લાંબા વેકેશન બાદ આજે શાળાઓમાં શૈક્ષણિક સત્રનો એક આનંદસભર માહોલમાં પ્રારંભ થયો હતો. બાળકો એવુ કહેતા હતા કે ''શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જયાં વહે...'' તો વાલીઓ પણ વહેલા ઊઠી અને બાળકોને સવારના ખુશનુમા વાતાવરણમાં હોંશે હોંશે મુકવા જતા હતા. બાળકોના ચહેરા પરના નિર્દોષ આનંદને વધાવતાં મેઘરાજાએ પણ અમી છાંટણા કરી વાતાવરણની આહ્‌લાદકતામાં અનેરો નિખાર પૂર્યો હતો. આ આનંદનો ગમતો ગુલાલ બાળકોએ આજે શિક્ષકોને મળી ઉડાડ્યો હતો તો શિક્ષકો પણ વિદ્યાર્થીઓને જોઈ ખુશાલી વ્યક્ત કરતા હતા એટલે જ આરંભમાં જે પ્રાર્થનાની પંક્તિ ટાંકી છે તેમાં આગળના શબ્દો આવા છે... ''કાલિદાસને કામણ કીધા, ભોજભાવને દર્શન દીધા બ્રહ્મચારીણી.... ભગવતી કેરા આશ્રમમાં રમીએ...''


# ગાંધીનગરનું ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૨નું ૯૦.૧૭ ટકા પરિણામ

## જિલ્લામાંથી ૯ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડમાં સ્થાન આ પૈકી ૫ ગાંધીનગર કેન્દ્રના : કલોલ કેન્દ્રનું પરિણામ સૌથી વધુ ૯૩.૫૬ ટકા

ગાંધીનગર, તા. ૧૦

શિક્ષણ બોર્ડ દ્વારા એપ્રિલ ૨૦૧૩માં લેવાયેલી ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના દ્વિતિય સેમેસ્ટરની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૫૨૫૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લાનું પરિણામ ૯૦.૧૦ ટકા આવ્યું છે. જ્યારે ગાંધીનગર કેન્દ્રનું ૯૦.૧૭ ટકા પરિણામ રહ્યું છે. સૌથી વધુ કલોલ કેન્દ્રનું ૯૩.૫૬ ટકા પરિણામ આવ્યું છે. એ-વન ગ્રેડમાં જિલ્લાના ૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે.

ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહની દ્વિતિય સેમેસ્ટરની પરીક્ષા માટે રાજ્યમાંથી ૧,૧૬,૯૭૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે આ પૈકી ૧,૧૬,૫૪૬ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. ગાંધીનગર જિલ્લામાંથી પણ પરીક્ષા માટે નોંધાયેલા ૫૨૬૨ વિદ્યાર્થીઓ પૈકી ૫૨૫૫ વિદ્યાર્થીઓ અપિયર થયા હતા. ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૯૦.૧૦ ટકા આવ્યું છે. જ્યારે ૯ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. એ-૨ ગ્રેડમાં ૧૩૨ અને બી-વન ગ્રેડમાં



### જિલ્લાના ચારેય કેન્દ્રોનું પરિણામ

| | |
|---|---|
| કલોલ | ૯૩.૫૬ ટકા |
| ગાંધીનગર | ૯૦.૧૭ ટકા |
| ચાંદખેડા | ૮૮.૫૨ ટકા |
| માણસા | ૮૭.૦૭ ટકા |

જ્યારે આ પૈકી ૮ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે ૧૧૬ વિદ્યાર્થીઓનો એ-૨ ગ્રેડમાં સમાવેશ થયો છે. બી-વનમાં ૨૭૯ અને

### શહેરની શાળાઓનું પરિણામ

| શાળા | બેઠા | પાસ | પરિણામ |
|---|---|---|---|
| સેન્ટ ઝેવિયર્સ સે. ૮ | ૧૨૧ | ૧૨૧ | ૧૦૦% |
| ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ | ૨૫૬ | ૨૫૬ | ૧૦૦% |
| વેદ ઈન્ટરનેશનલ સ્કુલ | ૩૩૪ | ૩૩૪ | ૧૦૦% |
| સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૩૪૫ | ૩૩૯ | ૯૮.૨૬% |
| આર.જી. પટેલ કન્યા વિદ્યાલય | ૧૫૫ | ૯૯ | ૮૬.૦૮% |
| આર.સી. પટેલ હાઈસ્કૂલ | ૩૩૭ | ૨૮૬ | ૮૪.૮૭% |

૩૫૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે ૭૧૦ વિદ્યાર્થીઓએ બી-૨ ગ્રેડ મેળવી પરીક્ષા ઉત્તિર્ણ કરી છે. ગાંધીનગર કેન્દ્રમાંથી પણ ૩૯૪૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બી-૨માં ૫૫૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ચાંદખેડા કેન્દ્ર પરથી પણ ૬૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ પૈકી એક

● અનુસંધાન પાન-૭ પર







## સ્વ. મધુભાઈ ભટ્ટને ૧૨મી વાર્ષિક પુણ્યતિથિએ 'સ્મરણાંજલિ'

અમારા કુટુંબના વડિલ, મુરબ્બી, સંનિષ્ઠ, સાહિત્યકાર અને ગુજરાત સરકારના નિવૃત્ત નિયામક (આયોજન) સ્વ. મધુભાઈ ભટ્ટને ૧૨મી વાર્ષિક પુણ્યતિથિએ અમારા સહુની હૃદયપૂર્વકની સ્મરણાંજલિ



સ્વ. મધુભાઈ ભટ્ટ
દેહવિલય તા. ૧૧-૬-૨૦૦૧

રહો છો દિલમાં સહાય અમારા,
મ્હેંકો છો સમાજમાં કર્મો થકી આપના,
રહ્યા છો ઉદ્યમોમાં સહાય અમારા,
મળો છો પ્રયત્નોમાં પ્રેરણા થકી આપના,
બન્યા છો સિંચનોમાં સંસ્કાર અમારા,
મળ્યા છે વિચારો સમૃદ્ધ સતત આપના,
આવો છો યાદોમાં હરપળ અમારા,
મળ્યા છે આર્શિવાદ અમોને સતત આપના.

સતત આપને યાદ કરતા આપના જ

| | |
|---|---|
| પ્રતાપલક્ષ્મી મ. ભટ્ટ | જ્યોતિષ મધુસૂદન ભટ્ટ |
| મનિષાબેન નૌ. ત્રિપાઠી | સંગીતા જ્યોતિષ ભટ્ટ |
| આનંદ નૌ. ત્રિપાઠી | ડો. દક્ષ જ્યોતિષ ભટ્ટ |
| નિલમ આ. ત્રિપાઠી | જલશ્રી દક્ષ ભટ્ટ |
| પ્રથમ આ. ત્રિપાઠી | યશ જ્યોતિષ ભટ્ટ |

પ્લોટ નં. ૪૩૨, સેક્ટર-૧સી, ગાંધીનગર.
મો. : ૯૪૨૭૭ ૦૨૧૮૦